# છેલ્લા ૨૪ કલાકમાં ૧૩૫૧ કોરોનાના કેસ સામે આવ્યા

**કોરોનાને લીધે ૧૦નાં મૃત્યુ થયા : અત્યાર સુધીમાં ૧૧૮૫૬૫ લોકો ડિસ્ચાર્જ થયા જ્યારે ૩૪૬૩નાં મૃત્યુ થયા : એક્ટિવ કેસની સંખ્યા ૧૬૭૧૭**

ગાંધીનગર,તા.૦૧

રાજ્યમાં ૨૪ કલાકમાં કોરોનાના ૫૬,૭૩૮ ટેસ્ટ કરવામાં આવતા ૧૩૫૧ કેસ નોંધાયા હતા. રાજ્યમાં આજે ૧૦ દર્દીના મોત કોરોનાને લીધે થથા કુલ મૃત્યુઆંક ૩૪૬૩ થયો છે. રાજ્યમાં આજે કુલ કોરોના સંક્રમિત આંકડો ૧ લાખ ૩૮ હજાર ૭૪૫ થયો છે. રાજ્યમાં આજે ૧૩૩૪ દર્દીઓ સાજા થયા છે. આ સાથે કુલ ૧,૧૮,૫૬૫ દર્દીઓ ડિસ્ચાર્જ થયા છે. રાજ્યમાં આજની સ્થિતિએ ૧૬,૭૧૭ એક્ટિવ કેસ છે. જેમાં ૮૯ વેન્ટીલેટર પર અને ૧૬,૬૨૮ સ્ટેબલ છે. અનલોક ૫ના પ્રથમ દિવસે રાજ્યમાં ઓક્ટોબર માસમાં પ્રથમ દિવસે કોરોના પોઝિટિવનો આંકડો ૧૩૦૦ની સપાટી પર આવ્યો હતો. રાજ્યમાં આજે કોવિડ-૧૯ના લીધે ૧૦ દર્દીના મોત થયા હતા. જેમાં અમદાવાદ શહેરમાં ૩, સુરત શહેર અને જિલ્લામાં ૨, પંચમહાલ, સાબરકાંઠા,વડોદરામાં ૧-૧ મોત કોરોનાનાં કારણે નોંધાયા છે. અમદાવાદ શહેરમાં ૧૭૨ અને જિલ્લામાં ૨૧ સાથે ૧૯૩ કેસ નોંધાયા છે. આ સાથે કુલ સંક્રમિતનો આંકડો ૩૭ હજારને પાર અમદાવાદ શહેરમાં ૩૭૦૪૧ થયો છે. આજે ૩ મોત નોંધાતા કુલ મૃત્યુઆંક ૧૮૧૬ થયો છે. સુરત શહેરમાં ૧૭૬ અને જિલ્લામાં ૧૧૨ સાથે ૨૮૮ કેસ કોરોના નોંધાયા છે. આ સાથે કુલ કોરોના સંક્રમિતનો આંકડો ૨૯૪૫૭ થયો છે. આજે ૪ મોત થતા કુલ મૃત્યુઆંક ૭૭૩ થયો છે. વડોદરા શહેરમાં ૯૩ અને જિલ્લામાં ૪૧ સાથે કુલ ૧૩૪ કેસ નોંધાયા છે. આ સાથે કુલ સંક્રમિતનો આંકડો ૧૨૨૨૦ થયો છે. આજે ૧ મોત થતા કુલ મૃત્યુઆંક ૧૮૬ થયો છે. રાજકોટ શહેરમાં ૧૦૮ અને જિલ્લામાં ૪૭ સાથે કુલ ૧૫૫ કેસ કોરોનાના નોંધાયા છે. આ સાથે કુલ સંક્રમિતનો આંકડો ૯૪૦૬ થયો છે.જામનગર શહેરમાં ૬૯ અને જિલ્લામાં ૨૩ સાથે ૯૨ કેસ નોંધાયા છે. આ સાથે કુલ સંક્રમિતનો આંકડો ૬ હજાર પાર થઈ ૬૧૮૧ થયો છે.

# અમદાવાદમાં કોરોનાની ગંભીર હાલતવાળા દર્દીની સંખ્યા વધી

**શહેરમાં હાલમાં સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં ૮૦૦ દર્દીઓની હાલત ગંભીર હોવાનું જણાવાઈ રહ્યું છે**

અમદાવાદ,તા.૧

અમદાવાદ શહેરમાં કોરોના વાયરસનું સંક્રમણ ફેલાતું રોકવા માટે મ્યુનિસિપલ તંત્ર દ્વારા સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે, જોકે તેમ છતાં યુવા વર્ગની બેદરકારી તેમના વૃદ્ધ પરિવારજનોને ભારે પડી રગી છે. પરિણામે શહેરની સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં કોરોનાના ગંભીર હાલતવાળા દર્દીઓની સંખ્યામાં વધારો થયો હોવાનું મ્યુનિસિપલ કોર્પોરેશનના સૂત્રોએ જણાવ્યું છે. હાલમાં જ રાજ્યના અધિક મુખ્ય સચિવ ડો. રાજીવકુમાર ગુપ્તાએ પશ્ચિમ અમદાવાદમાં ૨૮ જેટલી જગ્યાઓ પર રાતના ૧૦ વાગ્યા બાદ ખાણી-પીણીની દુકાનો બંધ કરવાનો આકરો નિર્ણય લીધો હતો. જેથી મોડી રાત સુધી બહાર બેસી રહેતા યુવાવર્ગના લોકોની સંખ્યા ઘટે. મ્યુનિ.ના સૂત્રો મુજબ, છેલ્લા એક મહિનાતી કોરોનાની અસર વધી છે અને તેની અસર હોસ્પિટલમાં એડમિટ દર્દીઓની સંખ્યા અને હાલત ઉપર જોવા મળી રહી છે. ખાનગી હોસ્પિટલની વાત કરીએ તો જનરલ વોર્ડમાં સારવાર લેતા દર્દીઓની સંખ્યા ૬૨૮ છે જ્યારે એચયુડીમાં સારવાર લેતા દર્દીની સંખ્યા ૫૧૭, વેન્ટીલેટર વગર આઈસીયુમાં સારવાર લેતા દર્દીઓની સંખ્યા ૨૩૮ અને વેન્ટીલેટરની જરૂર હોય તેવા દર્દીઓની સંખ્યા ૧૨૮ નોંધાઈ છે. તે જોતા ગંભીર હાલતમાં હોય તેવા દર્દીઓની સંખ્યા ૮૦૦થી વધુ હોવાનું મ્યુનિ. સૂત્રોએ સ્વીકાર્યું હતું. એએમસીના સૂત્રો મુજબ, સિવિલ હોસ્પિટલ, સિવિલ સંકુલની હોસ્પિટલો, સોલા સિવિલ તથા એસવીપી વગેરે હોસ્પિટલોમાં પણ કોરોનાના દર્દીઓની હાલત વધુ ગંભીર છે. પરંતુ ચોક્કસ કારણોસર તેમની સંખ્યા જાહેર કરવામાં આવતી નથી. જોકે શહેરમાં મહામારીને રોકવા માટે દુકાનો તથા બજારો બંધ કરવાની કાર્યવાહીના બે-ત્રણ દિવસમાં જ નવા કેસ આવવાની સંખ્યા ઓછી થઈ હોય તેમ મ્યુનિ.ના સૂત્રોએ દાવો કર્યો હતો.

### પૈડું ફરી વળ્યું... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સાપેક્ષમાં આંકડાકીય માહીતી પર નજર કરીએ તો ચિત્ર સ્પષ્ટ થઈ જાય છે. દેશમાં ઓટો સેકટર કોરોનાના કહેર પુર્વેથી જ મંદીની અસર હેઠળ હતુ ત્યારે કોરોનાના કપરા કાળમાં આ સ્થિતિ વધુ ખરાબ બની છે. કોરોના કાળમાં વાહનોની ખરીદીમાં નોંધપાત્ર ઘટાડો થયો છે જેના લીધે ઓટો કંપનીઓ પણ મંદીની ઝપટે ચઢી છે. કોરોના કાળ દરમિયાન ગાંધીનગરમાં પણ દરવર્ષે થતી વાહન ખરીદીમાં ઘરખમ ઘટાડો થયો છે. આર ટી ઓ ના ચોપડે નોંધણી થતા વાહનોની સંખ્યા પણ ઘટી છે. ગત વર્ષ ૨૦૧૯ માં એપ્રિલથી સપ્ટેમ્બર દરમિયાન ગાંધીનગર જિલ્લામાં ૨૭૯૦૧ વાહનોની આર ટી ઓ કક્ષાએ નોંધણી થઈ હતી જયારે ચાલુ વર્ષ ૨૦૨૦ માં આ સમયગાળા દરમિયાન માત્ર ૧૧૭૦૨ વાહનો જ નોંધાયા છે. આ મુજબ કોરાના ઈફેકટના લીધે વાહનોના વેચાણમાં ૫૮ ટકા જેટલો ઘરખમ ઘટાડો થયો છે. કડક લોકડાઉન દરમિયાન આમ પણ ઓટો ઉધોગોને તાળા વાગેલા હતા ત્યારે સ્વાભાવિક રીતે જ અસર થાય પરંતુ હાલ પણ સ્થિતિ કાંઈ ખાસ સુધારા પર નથી. ગાંધીનગર આર ટી ઓ કચેરીએ ગત વર્ષ દરમિયાન આ સમયગાળામાં રૂ ૪૨.૬૬ કરોડ વાહન નોંધણી અન્વયે ટેક્ષની આવક કરી હતી જેની સાપેક્ષમાં આ વર્ષે આર ટી ઓ કચેરીને માત્ર ૨૦.૬૮ કરોડની આવક થઈ છે. વાહન નોંધણીની આવકમાં પણ ૫૦ ટકાથી વધુ ઘટાડો થયો છે. કોરોનાના લીધે આર્થિક મંદીની અસર દરેક વેપારમાં જોવા મળી રહી છે. ત્યારે ઓટો સેકટરને પણ મોટો આર્થિક ફટકો સહન કરવો પડયો છે. ગાંધીનગર શહેર તેમજ જિલ્લામાં વાહનોની ખરીદી પર કોરોના કાળ દરમિયાન નોંધાયેલો ઘટાડો ખરેખર નોંધપાત્ર છે.

### ૬ કર્મીઓ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કચેરીમાં પણ સંક્રમિતોની સંખ્યા વધતા મનપાતંત્રએ કચેરીને કામગીરી સ્થગિત કરવા જણાવ્યુ હોવાની વાતો પણ બહાર આવવા પામી છે. શહેર-જિલ્લામાં કોરોનાનું સંક્રમણ જે ગતિએ વધી રહ્યુ છે તે ચિંતાજનક છે. લોકો હવે હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કરી રહ્યા હોવાથી તંત્રની કામગીરી પણ વધી જવા પામી છે.

### બાળકને કોરોના... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. તેમણે પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. એકાઉન્ટન્ટ તરીકે નવા સચિવાલયમાં ફરજો બજાવતા ૫૬ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને એસ.એમ.વી.એસ.માં સારવાર માટે દાખલ કરાયા છે. સે. ૬ માં રહેતા અને પ્રોગ્રામ આસિટન્ટ તરીકે ફરજો બજાવતા ૪૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્ય છે. ઈન્દ્રોડા ગામે રહેતા અને નવા સચિવાલયમાં ચાની દુકાનના સંચાલન સાથે સંકળાયેલ ૨૦ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જેણે પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૧૩ માંથી આજે બે કેસ મળી આવ્યા છે. સે. ૨૧ પોલીસ સ્ટેશનમાં ડ્રાયવર તરીકેની ફરજો બજાવતા કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આ ઉપરાંત સે. ૧૩ માંથી એક ૬૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે. તેમને સારવાર માટે સિવિલમાં દાખલ કરવામાં આવ્યા છે. શહેરમાં આજે વધુ ૧૭ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે શહેરમાં અત્યાર સુધીમાં ૧૦૮૯ લોકો કોરોનામુક્ત થયા છે. શહેરમાં હાલ ૨૧૮ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જેમાં ૧૦૦થી વધુ દર્દીઓ હોમ આઈસોલેશન હેઠળ સારવારમાં છે.

### વધુ ૧૫ કેસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ


સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ છે. અર્બન-૧ વિસ્તારમાંથી ૩૯ વર્ષીય પુરૂષ અને ૪૯ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જિલ્લામાં આજે નોંધાયેલા કેસોમાંથી ૧૪૯ દર્દીઓ હાલ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લામાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે ૧૬ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લામાં ૧૯૨૭ દર્દીઓ કોરોનામુક્ત થયા છે. જિલ્લામાં આજે ૧૪,૭૨૪ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

### ભારે ગોળીબાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પાકિસ્તાની સૈનિકો તેમની નફરતભરી કૃત્યોથી બચી ગયા ન હતા, આજે સવારે જિલ્લા કુપવાડામાં, નિયંત્રણ રેખાની બાજુમાં નૌગામ સેક્ટરમાં સૌપ્રથમ, ભારતીય ચોકી પર હથિયારોથી ફાયરિંગ, માર્ટાર ગોળીબાર શરૂ થયો થઈ ગયું. આ તોપમારામાં ભારતીય સેનાના બે જવાનો શહીદ થયા હતા જ્યારે ચાર ગંભીર રીતે ઘાયલ થયા હતા. ગત બુધવારે રાત્રે, ક્રિષ્ના ખીણમાં પાકિસ્તાન દ્વારા યુદ્ધ વિરામના ઉલ્લંઘનમાં લાન્સ નાઈક કરનાઈલ સિંહ માર્યા ગયા હતા. તે પંજાબના સંગરુર જિલ્લાનો રહેવાસી હતો, ઉપરાંત ઘાયલ જવાનની ઓળખ વીરેન્દ્રસિંહ તરીકે કરવામાં આવી છે. તેને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયો છે. ધ્યાન રાખો કે આતંકવાદીઓમાં ઘુસણખોરી કરવાના હેતુથી પાકિસ્તાની સેનાએ બુધવારે પૂંચ જિલ્લાના માનકોટ સેક્ટરમાં નિયંત્રણ રેખા પર પણ ભારે ગોળીબાર કર્યો છે. આ પહેલા કઠુઆ જિલ્લાના હિરાનગર સેક્ટરમાં આંતરરાષ્ટ્રીય સરહદ પર આખી રાત આંતરીક આગ લાગી હતી. ભારતીય ક્ષેત્રમાં કોઈ ખોટ નથી. આંતરરાષ્ટ્રીય સરહદ અને નિયંત્રણ લાઈન પર શાંતિ ખલેલ પહોંચવાના દિવસે પાકિસ્તાન યુદ્ધવિરામનું ઉલ્લંઘન કરી રહ્યું છે. પૂંચ જિલ્લાના ક્રિષ્ના વેલી સેક્ટરમાં ભારતીય સેનાએ મંગળવારે પાકિસ્તાનને યોગ્ય જવાબ આપ્યો હતો.

### ગેંગરેપ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

રિક્ષામાં ખરાબ હાલતમાં ઘરે પહોંચી. તેની આ હાલત જોઈને ઘરવાળાઓએ તેની પૂછપરછ કરી તો તે દર્દથી કણસવા લાગી હતી. ગામના બે ડોક્ટરોને બતાવ્યા બાદ જેવી યુવતીને જિલ્લા મુખ્યાલય ખાતે સારવાર કરાવવા માટે ઘરવાળા ગામની બહાર નીકળ્યા કે થોડી આગળ પહોંચતા જ યુવતીનું મૃત્યુ થઈ ગયું. કહેવાય છે કે જ્યારે વિદ્યાર્થીની ઘરે પહોંચી તો કિચડથી લથપથ હતી અને તેના હાથમાં ગ્લોકોઝ ચઢાવવામાં વપરાતો વીગો લાગેલો હતો. પરિજનોએ જ્યારે માલુમ પડ્યું કે ગામના જ એક ડોક્ટરને ગામના જ (મુસ્લિમ સમુદાયના) એક છોકરાએ ઘરમાં યુવતીની સારવાર માટે બોલાવ્યા હતાં. પરિજનોએ જણાવ્યું કે પૂછપરછમાં ખબર પડી કે જ્યારે વિદ્યાર્થીની પચપેડવાના વિમળા વિક્રમ મહાવિદ્યાલયમાં એડમિશન કરાવીને ઘરે પાછી ફરી રહી હતી ત્યારે ગામના જ કેટલાક પથી ૬ છોકરાઓએ તેનું અપહરણ કરી લીધુ.


## ગાંધીવંદના

**મુખ્યમંત્રીશ્રી વિજય રૂપાણી વીડિયો કોન્ફરન્સના માધ્યમથી ઉપસ્થિત રહેશે**

પૂજ્ય રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની જન્મજયંતીના અવસરે સર્વધર્મ પ્રાર્થનાસભાનો કાર્યક્રમ

**સ્થળ:** કીર્તિ મંદિર, પોરબંદર, **સમય :** સવારે ૦૮ કલાકે

## હરઘર જળ

**મુખ્યમંત્રીશ્રી વિજય રૂપાણી ગાંધીનગરથી તેમજ દિલ્હીથી કેન્દ્રીયમંત્રી જળશક્તિ મંત્રાલય શ્રી ગજેન્દ્રસિંહ શેખાવત વીડિયો કોન્ફરન્સથી ઉપસ્થિતિ આપશે**

વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ નળ થી જળ કાર્યક્રમ અંતર્ગત ગુજરાતના ૪ જિલ્લાઓ

આણંદ (ગ્રામ્ય) | મહેસાણા (ગ્રામ્ય) | પોરબંદર (ગ્રામ્ય) | ગાંધીનગર (ગ્રામ્ય)

**વિસ્તારમાં ૧૦૦% નળ જોડાણનો કાર્યક્રમ**

**સ્થળ:** મુખ્યમંત્રીશ્રી નિવાસ સ્થાન તથા પોરબંદર, આણંદ, મહેસાણા અને ગાંધીનગર ખાતે **સમય:** સવારે ૯:૩૦ કલાકે

## આંગણવાડીઓનું સશક્તિકરણ

**મુખ્યમંત્રીશ્રી વીડિયો કોન્ફરન્સથી તેમજ અન્ય મંત્રીશ્રીઓ અને વરિષ્ઠ હોદ્દેદારોની ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાશે**

- રાષ્ટ્રીય સ્વચ્છતા દિવસ નિમિત્તે મહિલા અને બાળ કલ્યાણ વિભાગ દ્વારા ૮૩૫ જેટલાં આંગણવાડી, સેજા કચેરી અને બ્લોક ઓફિસના નવનિર્મિત ભવનોનું ઈ–લોકાર્પણ અને ઈ– ભૂમિપૂજન તથા NITA એપ્લિકેશનના લોંચિંગનો કાર્યક્રમ
- મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા ગુજરાતની ૫ લાખ મહિલાઓને સાંકળીને હેન્ડ વોશિંગ કાર્યક્રમ
- રાજ્ય, મહાનગરપાલિકા અને જિલ્લા કક્ષાએ માતા યશોદા એવોર્ડ વિતરણ કાર્યક્રમ

**સ્થળ:** મુખ્યમંત્રી નિવાસ સ્થાન ગાંધીનગર અને અન્ય જિલ્લા કક્ષાએ **સમય:** સવારે ૧૧ વાગે



**માસ્ક પહેરો, સામાજિક અંતર જાળવો, સુરક્ષિત રહો**

– શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત.